### મેઈક ઈન ઈન્ડિયા અભિયાનને વેગ

# સંરક્ષણ સાધનોનાં ઉત્પાદન માટે સ્પેશિયલ ઝોન સ્થપાશે




અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૨૯ : સંરક્ષણ સાધનોનાં ઉત્પાદન ક્ષેત્રે સ્પેશિયલ ઝોન સ્થાપવાની જાહેરાત સંરક્ષણ પ્રધાન મનોહર પર્રિકરે આજે અહીં કરી હતી.

ઇન્ડિયન મર્ચન્ટસ ચેમ્બરના ઉપક્રમે અહીં યોજાયેલા 'સંરક્ષણ ઉત્પાદન'ના ક્ષેત્રે 'મેઇક ઇન ઇન્ડિયા'ના એક કાર્યક્રમમાં બોલતા સંરક્ષણ પ્રધાને આ ઝોનનું સ્થળ જણાવ્યું નહોતું પણ તેમણે નવ મહિનામાં આ ઝોન સ્થાપવાની સમયમર્યાદા દર્શાવી હતી. આ ઝોન સ્થાપવા માટે સક્રિય વિચારણા ચાલી રહી છે.

સંરક્ષણ ઉત્પાદનના ક્ષેત્રે ખાનગી ક્ષેત્રને પરવાનગી મળ્યા પછી અદાણી, તાતા જૂથ સહિતની કંપનીઓએ તત્પરતા બતાવી છે ત્યારે પર્રિકરની આ જાહેરાત 'મેઇક ઇન ઇન્ડિયા' અભિયાનને મોટો વેગ આપશે.

ગૌતમ અદાણી કચ્છમાં સૈન્ય માટેના હેલિકૉપ્ટર બનાવવાનો પ્લાંટ સ્થાપવાની પ્રસ્તાવ રજૂ કરવા ધારે છે. કેન્દ્ર સરકાર પણ ઓડિસા સરકારના સહયોગમાં તાતા જૂથની સાથે ઉત્પાદન કરવા વિચારે છે.

જોકે ખાનગી ક્ષેત્ર માટે પણ સંરક્ષણ ઉત્પાદનમાં ચઢાણ સહેલા નહીં હોય તેનો નિર્દેશ આપતા પર્રિકરે કહ્યું કે સરકાર વિદેશી ઉત્પાદકોને પણ આવકારશે.

પર્રિકરે એમએમઈ (સૂક્ષ્મ-લઘુ અને મધ્યમ) ફાળાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે સંરક્ષણ સાધનોનું ઉત્પાદન કરતા જાહેર ક્ષેત્રના એકમોને સૂચના અપાઈ છે કે તેમણે ૨૦ ટકા ખરીદી એસએમઈ પાસેથી કરવી.

સૈન્યના વપરાશ માટેના ટ્રાન્સપોર્ટ (વાહતૂક) વિમાનોનું ઉત્પાદન શરૂ થશે. પહેલા ૪૨ વિમાનોનો કાફલો આયાત થશે અને ત્યારબાદ દેશમાં જ આ વિમાનોનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે.

પર્રિકરે જણાવ્યું કે સંરક્ષણ દળો પાસે હથિયારો અને સાધનોની સ્થિતિ ૨૦૧૩માં હતી તેના કરતાં અત્યારે સારી છે.



**'કાગકથા'નો શુભારંભ :** ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી દ્વારા ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરી ખાતે શુક્રવારથી લોકસાહિત્યના મહોત્સવ 'કાગકથા'નો શુભારંભ થયો હતો. સાહિત્ય શિરોમણિ દુલા કાગની કથાનો શુભારંભ ભાજપના નેતા પુરુષોત્તમ રૂપાલા અને ગાયક મનહર ઉધાસના વરદ હસ્તે દીપ પ્રજ્વલનથી કરાયો હતો. આ પ્રસંગે 'કાગકથા'ના વક્તા ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશ ગઢવી, હાસ્યકાર શાહબુદ્દિન રાઠોડ, પંકજ ભટ્ટ, મુંબઈના ગુજરાતી અગ્રણીઓ હેમેન્દ્ર મહેતા, ભાર્ગવભાઇ પટેલ, જસ્મિન શાહ અને ભવન્સ કલ્ચરલ સેન્ટર તરફથી લલિતભાઇ શાહ તેમ જ જાણીતા કલાકારો હાજર રહ્યા હતા. 'જન્મભૂમિ' પત્રો આ ત્રિદિવસિય આયોજનના મીડિયા પાર્ટનર છે

# ધર્મેન્દ્રને હૉસ્પિટલમાંથી રજા મળી, શસ્ત્રક્રિયા કરાવવી પડશે

મુંબઈ, તા. ૨૯ : નબળાઈ તથા ખભામાં દુખાવાની ફરિયાદના પગલે હોસ્પિટલમાં દાખલ કરાયેલા પીઢ અભિનેતા ધર્મેન્દ્રને આજે ડિસ્ચાર્જ અપાયો હતો. જોકે, તેમને શસ્ત્રક્રિયા કરાવવી પડશે.

'તેઓ અહીં ઓવરઓલ હેલ્થ ચેક અપ માટે આવ્યા હતા. અમે જરૂરી ચકાસણી હાથ ધરી હતી અને એમાં બધું બરાબર હતું. કશું જ ચિંતાજનક નથી. એટલે આજે બપોરે તેમને ડિસ્ચાર્જ કરાયા હતા' એમ ઑર્થોપીડિક સર્જન ડૉ. સંજય દેસાઇએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ધર્મેન્દ્રને પછીથી શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર પડી શકે છે. ધર્મેન્દ્રનાં પત્ની હેમા માલિનીએ ટ્વિટર પર જણાવ્યું હતું કે 'બ્લડ કાઉન્ટ ચેક કરાવવા માટે ધર્મેન્દ્રજીને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હવે તેમને ખભાની શસ્ત્રક્રિયા કરાવવાની કદાચ જરૂર પડશે.'

# અકસ્માત બાદ લાંબા સમયથી બેભાન રહેલા 'જન્મભૂમિ'ના કર્મચારી હર્ષદ પટેલનું અવસાન



અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૨૯ : ગત ચોથી મેના મોડી રાતે કૉન્સ્ટેબલના પુત્રની બાઈકની અડફેટે આવેલા 'જન્મભૂમિ' અખબારના કર્મચારી ૫૩ વર્ષીય હર્ષદ પટેલ આજે સવારે અવસાન પામ્યા હતા. 'જન્મભૂમિ' અખબારમાં છેલ્લાં ૩૨ વર્ષથી પ્રૂફરીડર તરીકે કામ કરતા હર્ષદ પટેલ ચોથી મેની રાતે ડ્યૂટી પૂરી કરી ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે મુંબઈ પોલીસ સેવામાં કાર્યરત કૉન્સ્ટેબલના પુત્ર સાગર રાજારામ ઇચનાળે (૨૨) નામના યુવાને બેદરકારીપૂર્વક બાઈક હંકારી તેમને અડફેટે લીધા હતા. મીરા રોડની વૉકહાર્ટ હૉસ્પિટલમાં તેમની બ્રેન સર્જરી કર્યા બાદ સાત દિવસ એ હૉસ્પિટલમાં અને ત્યાર બાદ કૂપર હૉસ્પિટલમાં આઇસીયુમાં બેભાન અવસ્થામાં ૧૯ દિવસ સારવાર હેઠળ રહેલા હર્ષદ પટેલ શુક્રવારે સવારે મૃત્યુ પામ્યા હતા.

હર્ષદભાઈના અવસાનથી તેમના પરિવાર માથે દુઃખનું આભ તૂટી પડ્યું હતું. પત્ની, પુત્ર વૈભવ અને પુત્રી રિશિતા રડીરડીને બેહાલ થયાં હતાં. પટેલના અવસાન બાદ 'જન્મભૂમિ' પરિવારમાં અને પત્રકાર જગતમાં શોકની લાગણી ફરી વળી હતી. મુંબઈ પ્રેસ ક્લબે હર્ષદ પટેલના અવસાન બાદ શ્રદ્ધાંજલિ આપી હતી. કોળી પટેલ સમાજના હર્ષદ પટેલના પુત્ર વૈભવે જણાવ્યું હતું કે, આ ઘટનાએ અમારા પરિવારને હચમચાવી મૂક્યો છે. બે દિવસ પહેલાં પપ્પાને કોઈનો અવાજ સાંભળતાં, આંખ હલાવતાં જોઈને નર્સોએ પણ તેમની સ્થિતિ સુધરી રહી હોવાનું જણાવ્યું હતું. અચાનક ગુરુવારે તેમની તબિયત વધુ ખરાબ થઈ હતી. શુક્રવારે સવારે હું આઠ વાગ્યે હૉસ્પિટલમાં ગયો ત્યારે પપ્પાને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. સવારે ડૉક્ટર અને નર્સ ભાગદોડ કરી રહ્યાં હતાં અને કંઈ પણ સમજ નહોતી પડી રહી. આખરે બપોરે સવા બારે ડૉક્ટરે જવાબ આપી દીધો હતો. ત્યાર બાદ તેમના દેહને પોસ્ટમૉર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. મીરા રોડ ખાતે શુક્રવારે તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. મારા પિતાની આ અવસ્થાના જવાબદાર મુંબઈ પોલીસ પુત્રને સજા મળવી જોઈએ. અમારો હસતો-રમતો પરિવાર આ અકસ્માત બાદ વિખાઈ ગયો છે.

**ઘટના શું હતી ?**

હર્ષદ પટેલ સોમવારે રાતે ડ્યૂટી પૂરી કરી ચર્ચગેટથી ૧૧.૫૮ વાગ્યાની વિરાર ધીમી લોકલમાં મીરા રોડ પહોંચ્યા હતા. રાતે ૧.૩૦ વાગ્યાના સુમારે તેઓ મીરા રોડના ૧૦૦ ફૂટ રોડના એક કિનારેથી ચાલી રહ્યા હતા ત્યારે પૂરપાટ વેગે આવી રહેલી બાઈક પરનો કાબૂ ગુમાવતા બાઈકચાલકે પટેલને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં યુવાન તેની બાઈક સાથે એક તરફ ફેંકાયો અને પટેલ રસ્તામાં વચ્ચે ફેંકાયા હતા. ગભરાઈને યુવાન બાઈક છોડીને ત્યાંથી ભાગી ગયો હતો. પટેલને માથામાં ગંભીર ઇજા થઈ હતી.

થાણે સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસને ફરિયાદ કર્યા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતની ઘટનાને ૩૬ કલાક વીતી ગયા બાદ આરોપીનું નામ જાહેર કરવામાં આવ્યું અને પોલીસ પંચનામું કરાયું હતું, પરંતુ આરોપી સાગર રાજારામ ઇચનાળે ઘટના સમયે મદ્યપાન કરીને બાઈક ચલાવતો હશે કે નહીં તેની કઈ રીતે ખાતરી થશે ?

મીડિયા અને વરિષ્ઠોના દબાણ બાદ હર્ષદ પટેલને અડફેટે લેનાર બાઈકસવારની કાણકિયા પોલીસે ધરપકડ કરી હતી. આ યુવકના પિતા તેને પોલીસસ્ટેશનમાં લઈ ગયા હતા. જોકે, યુવાને અકસ્માત કર્યો ન હોવાનું નિવેદન પોલીસને નોંધાવ્યું હતું. આરોપી સાગરના પિતા તેને લઈને પોલીસસ્ટેશનમાં આવ્યા હતા અને તેને જામીન આપવામાં આવ્યા હતા. આરોપીએ આપેલા નિવેદનમાં આક્ષેપોને રદિયો આપવામાં આવ્યો હતો.

# હાજીઅલી દરગાહમાં શિવસેના અધ્યક્ષે લીધેલો ફોટો મુકાયો

મુંબઈ, તા. ૨૯ : શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ કાઢેલો ફોટો મુંબઈમાં હાજીઅલી દરગાહના મુખ્ય પ્રવેશદ્વાર પાસે મૂકવામાં આવ્યો છે. આ ફોટાની અનાવરણવિધિ આજે હોઈ શિવસૈનિકોએ ત્યાં ભારે ગિરદી કરી હતી.

હાજીઅલી દરગાહ અરબી સમુદ્રમાં આવેલી છે. મુસ્લિમ ધર્મીઓના શ્રદ્ધાસ્થાન અને મુંબઈનાં જોવાલાયક સ્થળોમાં તેની ગણના થાય છે. ફક્ત મુસ્લિમો જ નહીં પણ અનેક ધર્મોના લોકો આ દરગાહની મુલાકાત લેતા હોય છે.

હાજીઅલી દરગાહના પ્રવેશદ્વાર પર મૂકવામાં આવેલો આ ફોટો શિવસેનાના ઉપનેતા હાજી અરાફત શેખે પાંચ લાખ ૫૧ હજારમાં જહાંગીર આર્ટ ગેલેરીના પ્રદર્શનમાંથી ખરીદ્યો હતો અને હાજીઅલી દરગાહ ટ્રસ્ટને ભેટ તરીકે આપ્યો હતો.

શિવસેનાના રાજ્યસભાના સાંસદ અનિલ દેસાઇએ આ ફોટાની અનાવરણવિધિ કરી હતી. તે વેળા શિવસેના વિધાનસભ્ય સુનીલ શિંદે, મેયર સ્નેહલ આંબેકર, શિવસેનાના વાહતૂક સેનાના અધ્યક્ષ હાજી અરાફત શેખ અને શિવસેના વાહતૂક સેનાના મહારાષ્ટ્રની કારોબારી સમિતિના સભ્ય અઝદર સૈયદ સાથે દરગાહના ટ્રસ્ટના પદાધિકારીઓ અને શિવસૈનિકો ઉપસ્થિત હતા.

# વૉટ્સએપ ગ્રુપમાંથી કાઢી મૂકતાં એડમિન પર ચાકુથી હુમલો

મુંબઈ, તા. ૨૯ : વૉટ્સએપ ગ્રુપમાંથી કાઢી મૂકતાં ગ્રુપ મેમ્બર્સે સીધા એડમિન પર જ ચાકુથી હુમલો કર્યો હોવાની ઘટના તાજેતરમાં ઉલ્હાસનગરમાં બની છે. આ પ્રકરણે અનિલ મુખી અને નરેશ રોહરા સહિત ચાર જણ વિરદ્ધિ ગુનો નોંધવામાં આવ્યો છે.

બંટી કુર્સિજાએ વૉટ્સએપ પર જય હો નામનું ગ્રુપ બનાવ્યું હતું. બંટીએ આ ગ્રુપમાં અનિલ મુખી અને નરેશ રોહરાને એડ કર્યા હતા, પણ આ બન્ને ગ્રુપમાં અશ્લીલ મૅસેજ, ફોટો અને વીડિયો શૅર કરતા હોવાથી બંટીએ આ બન્નેની ગ્રુપમાંથી હકાલપટ્ટી કરી હતી.

આ પૂર્વે બંટીએ આ બન્નેને વારંવાર આ પ્રમાણેના મૅસેજ નહીં મોકલવા જણાવ્યું હતું, પણ તેઓએ આમ કરવાનું બંધ નહીં કરતાં બંટીએ તેઓને ગ્રુપમાંથી કાઢી મૂક્યા હતા.

ગ્રુપમાંથી હકાલપટ્ટી થઈ હોવાનું અનિલ અને નરેશથી સહન નહીં થતાં તેઓએ બંટીને ધમકી આપવાનું શરૂ કર્યું હતું તેમ જ અનિલે જૂનો મુદ્દો છેડી વિવાદ સર્જ્યો હતો, જે મારામારીમાં પરીવર્ત્યો હતો. અનિલ અને નરેશે તેમના બે અન્ય સાથીદારો સાથે મળી બંટી પર ચાકુથી હુમલો કરતાં તે જખમી થયો હતો.

આ પ્રકરણે હિલ-લાઇન પોલીસે અનિલ મુખી, નરેશ રોહરા સહિત ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



પશ્ચિમ રેલવેની ઉપનગરીય લોકલ ટ્રેનમાં બેસાડાયેલા સીસીટીવી કૅમેરાની આજે વિધિવત્ શરૂઆત કરવામાં આવી હતી. જે મુજબ પ્રાયોગિક ધોરણે ચર્ચગેટ સ્ટેશનથી મહિલાઓના એક કૉચમાં બેસાડાયેલા સીસીટીવી કેમેરા ધરાવતી લોકલ ટ્રેનને લીલી ઝંડી દાખવવામાં આવી હતી. આ સમયે પશ્ચિમ રેલવેના જનરલ મૅનેજર એસ. કે. સૂદ, ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ડી. કે. શર્મા, ડીઆરએમ શૈલેન્દ્રકુમાર અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# રાજપુરોહિતનાં 'વિશાળ સાંકેતિક ધરણાં'ની પ્રકાશ મહેતાના આશ્વાસનને પગલે પૂર્ણાહુતિ



અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૨૯ : કોલાબા, કાલબાદેવી, ભૂલેશ્વર, ચીરાબજાર વગેરે વિભાગોનો પાણીપ્રશ્ન ન ઉકેલાયો હોવાથી આ પ્રશ્ન ઉકેલવા ભાજપના વિધાનસભ્ય રાજપુરોહિતે આજે આઝાદ મેદાનમાં 'વિશાળ સાંકેતિક ધરણાં' કર્યાં હતાં.

રાજપુરોહિતે કહ્યું હતું કે જ્યારે મંત્રાલયમાં બેઠકો લીધા બાદ પણ લોકોની સમસ્યાનો ઉકેલ ન આવે તો આંદોલન સિવાય બીજો માર્ગ રહેતો નથી. મારો પક્ષ સત્તામાં હોવા છતાં લોકોના પ્રૉબ્લેમ્સનો અંત આવતો નથી. આથી મેં મહાપાલિકા વિરુદ્ધ આંદોલન કરવાનું નક્કી કર્યું હતું.

આજના ધરણામાં કોલાબાના ગીતા નગર, ગણેશમૂર્તિ નગર, ધોબી ઘાટ, ટ્રાન્ઝિટ કૅમ્પ, આંબેડકર નગર, મચ્છીમાર નગર, મહાત્મા ફૂલે નગર, આઝાદ નગરી, સુંદર નગરીના અનેક રહેવાસીઓ સારી એવી સંખ્યામાં લોકો તેમ જ કફ પરેડ રેસિડન્ટ્સ ઍસોસિયેશન્સના સેક્રેટરી જનરલ અશોક પટેલ ઉપસ્થિત હતા. ધરણાની પૂર્ણાહુતિ હાઉસિંગ અને શ્રમ ખાતાના પ્રધાન પ્રકાશ મહેતાએ કોલાબા વિસ્તારની સમસ્યાના ઉકેલ માટે ઘટતું કરવાના આશ્વાસન આપ્યા પછી થઈ હતી.

# સલમાનના કેસની ફાઈલો તો પોલીસસ્ટેશનમાં છે : શિંદે

અહમદનગર, તા.૨૯ : અભિનેતા સલમાન ખાનની હિટ ઍન્ડ રન કેસની ફાઇલ મંત્રાલયની આગમાં ખાખ થઇ ગયાના અહેવાલને ગૃહ ખાતાના રાજ્યપ્રધાન રામ શિંદેએ રદિયો આપ્યો છે. તેમણે જણાવ્યા પ્રમાણે કેસની ફાઇલો મંત્રાલયમાં નહીં પણ પોલીસ સ્ટેશનમાં હતી. આમ આ આ મહત્ત્વની કેસ પ્રકરણમાં બે ખાતાના સમન્વયના સ્પષ્ટ અભાવ પર પ્રકાશ પડયો છે. દરમિયાન ગૃહપ્રધાને જણાવ્યું છે કે ગોવિંદ પાનસરેની તપાસ એસઆઇટી યોગ્ય દિશામાં કરી રહી છે. જ્યારે નરેન્દ્ર દાભોલકરના હત્યારાની ટૂંકમાં જ ધરપકડ થવાની શક્યતા તેમણે વ્યક્ત કરી છે.

શું તમને સારૂં શિક્ષણ અને તુરત જ પ્લેસમેન્ટ જોઈએ છે?
જો હા, તો
વીવીપી એન્જી. કોલેજ-રાજકોટમાં બંને મળશે
જીટીયુના કોઈપણ સેમેસ્ટરના પરિણામોમાં ક્રમાંક ૧ થી ૫ માં સ્થાન હોય છે વીવીપીનું અને સાથે પાસ આઉટ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ હોય છે ૯૫%
વધુ વિગત માટે જુઓ વેબસાઈટ : www.vvpedulink.ac.in | ચેરમેનશ્રી પ્રવિણકાકા

## આઇટીના અધિકારીની ધરપકડ નક્કી

મુંબઈ, તા. ૨૯ : અશ્લીલ એસએમએસ મોકલવાના આરોપથી ઘેરાયેલા ઇન્કમ ટેક્સના જોઇન્ટ કમિશનર શ્રીધરની ધરપકડ હવે નક્કી છે. મુંબઈની હાઈ કોર્ટે ગઈકાલે તેમની આગોતરા જામીનની અરજી ફગાવી દીધી હોઈ પોલીસ તેમને શોધી રહી છે એવી માહિતી આઝાદ મેદાન પોલીસ સ્ટેશનના વરિષ્ઠ ઇન્સ્પેક્ટર નરેન્દ્રસિંહે આપી છે.

શ્રી કચ્છી ગુર્જર જૈન



સ્વર્ગવાસ
૨૯.૦૫.૨૦૧૫

નિવાસી
મુન્દ્રા હાલે મુલુંડ

**ગં. સ્વ. શ્રી લીલાવતીબેન બાબુલાલ શાહ (ઉ.વ.૮૪)**

| | |
|---|---|
| પતિ | : સ્વ. બાબુલાલ દામજી શાહ |
| પુત્ર-પુત્રવધુ | : મધુ-રજનીકાંત, હિના-જયેશ, છાયા-ભરત |
| પુત્રી-જમાઈ | : નિરંજના કિશોર ફોફળીયા, જ્યોતિ હરિશ સંઘવી, કૈલાસ મહેશ શાહ |
| દેર - નણંદ | : સ્વ. અમૃતલાલભાઈ, સ્વ. શાંતિલાલભાઈ ચંદ્રકાંતભાઈ, સંસાર પક્ષે પૂ. જયાનંદમુનિ મ.સા., જડાવબેન જેઠાલાલ શાહ ગુણવંતીબેન પોપટલાલ શાહ |
| પિતા | : સ્વ. તેજપાર જીવરાજ શાહ, દેશલપુર |
| પૌત્ર-પૌત્રી | : નિરવ, હર્ષલ, પૂરવ, ઝુબીન, ચિંતન, હેઝલ, કેજલ |
| પૌત્રવધુ-પ્રપૌત્ર | : સેજલ હર્ષલ શાહ, વિહાન |
| દોહિત્ર-દોહિત્રી | : સંસાર પક્ષે પૂ. સા. જીનરત્નાશ્રીજી મ.સા., કપિલ-વૈશાલી, શ્રધ્ધા-મયૂર, મંજુલ-અલ્પા, હર્ષ-પરીતા, નિકિતા-સ્મિત, ભુષણ |

**પ્રાર્થના સભા** તા.:30-૫-૨૦૧૫, સમય : બપોરે 3.00 થી ૫.00
સ્થળ : એશીયન બેન્ક્વેટ, ફીલીક્ષ ટૉવર, એશીયન પેન્ટસની સામે, એલ.બી.એસ.રોડ, ભાંડુપ (વે).

Reliance PACKAGING Mumbai

જન્મભૂમિ પંચાંગ
JANMABHOOMI GROUP
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન

જન્મભૂમિ પંચાંગ કાર્યાલયના જ્યોતિષ વિભાગની
સેવા હવે આસાનીથી ઑનલાઈન મેળવી શકાશે
કુંડળી બનાવવી હોય કે રાશિ કાઢવી હોય,
મુહૂર્ત હોય કે મેળાપક - બધી સેવા
આસાનીથી ઑનલાઈન ઉપલબ્ધ છે.
લૉગ ઑન કરો :
http://panchang.janmabhoominewspapers.com

શાદી, ઉત્સવ યા ત્યોહાર...
લિજ્જત પાપડ હો હરબાર...
કર્રમ કુર્રમ... કુર્રમ કર્રમ...
લિજ્જત પાપડ
લિજ્જત પરિવારનું ઉત્કૃષ્ટ ઉત્પાદન
સાત સ્વાદિષ્ટ સ્વાદોમાં ઉપલબ્ધ
>અડદ >અડદ સ્પેશ્યલ >મગ >મગ સ્પેશ્યલ લસણ >મરચા >પંજાબી સ્પેશ્યલ.
શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ
(ખાદી અને ગ્રામોદ્યોગ પંચ દ્વારા માન્ય)
Website : www.lijjat.com Email : enquiry@lijjat.com
LIJJAT AD. AGENCY PROMSERVE 301012/LP Guj.